# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૬ જૂન, ૨૦૧૦)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫) **સત્સંગ પરિચય - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૭૫)

### વિભાગ-૧ : સહજાનંદ ચરિત્ર - બારમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''પચીસ ગામમાં મારો અમલ ચાલે છે.'' (૧૩૦)
૨. ''આપના પ્રતાપે તો હું રાજ ભોગવું છું.'' (૧૪૨)
૩. ''જીવ-પ્રાણી માત્ર આપના હાથે નાચતાં પૂતળાં જ છે.'' (૧૦૪)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ )** [૬]

૧. મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને બુરાનપુર જવા માટે આજ્ઞા કરી. (૭૩)
૨. લાડુબા તથા જીવુબાને શ્રીજીમહારાજને ગઢડામાં રોકવાનું બહાનું રહ્યું નહિ. (૩૨)
૩. ભલા થઈને કોઈ શિક્ષાપત્રીની આજ્ઞા લોપશો નહિ. (૧૩૭)

**પ્ર.૩** 'અમદાવાદમાં પુનઃ પ્રવેશ' (૯૩) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. મહારાજે પોતાનું વૃત્તાંત કઈ બે વ્યક્તિઓને પત્ર દ્વારા લખી મોકલાવ્યું ? (૧૦૯)
૨. અક્ષરધામ કેટલું છેટું છે ? (૬૧)
૩. નિત્યાનંદ સ્વામીને રડતાં જોઈ મહારાજ શું બોલ્યા ? (૧૪૯)
૪. કયા મહારાણીએ પોતાનું સમગ્ર રાજ્ય મહારાજને ચરણે ધર્યું ? (૮૭)
૫. શ્રીજીમહારાજે વિધવા સ્ત્રીઓને કયું આદરપૂર્ણ બિરુદ આપ્યું ? (૩૯)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ધર્મકુળની સાથે મિલન (૧૧૯)
(૧) ☐ સુવાસિનીભાભી હાજર ન હતાં. (૨) ☐ બત્રીસ વર્ષ પછી ભાભીને પીરસવાનો લહાવો મળ્યો.
(૩) ☐ વરિયાળીબાઈ હાજર હતાં. (૪) ☐ ગઢડામાં મિલન થયું.

૨. શાકોત્સવ (૧૦૪)
(૧) ☐ શાકોત્સવ લોયા ગામમાં થયો. (૨) ☐ શાકોત્સવ માંગરોળ ગામમાં થયો.
(૩) ☐ મહારાજે જાતે શાક ઘીમાં વઘાર્યું. (૪) ☐ શાકોત્સવ સુરાખાચરના દરબારમાં થયો.

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. મહારાજે .................... વર્ષ સત્સંગમાં વિચરણ કર્યું. (૧૫૫)
૨. સંવત .................... માં મહારાજે ધોલેરામાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. (૧૩૫)
૩. શ્રીજીમહારાજે નરકના કુંડ ખાલી કરવા .................... ને મોકલ્યા. (૬)
૪. મહારાજે અમદાવાદમાં મંદિર કરવા માટે .................... નામની જગ્યા પસંદ કરી. (૧૧૧)

### વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આ સેવા મને આપો.'' (૨૩)
૨. ''કર્તા શ્રીજીમહારાજ છે, એમની મરજી અનુસાર બધું થાય છે.'' (૩૦)
૩. ''એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.'' (૧૩)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. શાસ્ત્રીજી મહારાજે કમળનયન શાસ્ત્રીને જાગા સ્વામીની ઓળખ છેલ્લે કરાવી. (૫૬-૫૭)
૨. કૃષ્ણજી અદાએ હિમરાજભાઈ સાથેનો સંબંધ સદાને માટે કાપી નાંખ્યો. (૬૪)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | મહિનો | વર્ષ |
|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐☐ | ☐☐ | ☐☐☐☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૯** 'આજ્ઞાપાલક જાગા ભક્ત' (૪૯ થી ૫૧) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. મહારાજના પુરુષોત્તમપણાની વાતો કોણે સાંભળી ? (૧૫)

૨. નવાબે ખુદાને કેવા કહ્યા ? (૩)

૩. શાસ્ત્રીજી મહારાજે મૂળજી બ્રહ્મચારીની મૂર્તિ કયા મંદિરમાં પધરાવી ? (૨૬)

૪. આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજનો જન્મ ક્યારે થયો હતો ? (૨૭)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય :- નિત્યાનંદ સ્વામી (૪)**

**૧.** શ્રીજીમહારાજે કહ્યું, 'ઉપાસક તો આવા હોવા જોઈએ.' **૨.** શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું, 'તમે જેમ રાજી થશો તેમ કરશું.' **૩.** શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને દુરાગ્રહી કહીને વિમુખ કર્યા. **૪.** શ્રીજીમહારાજ પરમહંસોના મતથી વિરુદ્ધ પડ્યા. **૫.** નિત્યાનંદ સ્વામી દસ દિવસ સુધી સભામાં ન આવ્યા. **૬.** નિત્યાનંદ સ્વામી અખંડ ધ્યાન ભજનમાં મસ્ત રહેવા લાગ્યા. **૭.** હરિભક્તોમાં મોટો મતભેદ ઊભો થયો. **૮.** નિત્યાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની પૂજા કરી હાર પહેરાવ્યો. **૯.** નિત્યાનંદ સ્વામીએ કહ્યું, 'શ્રીજીમહારાજને બીજા અવતાર જેવા કેમ કહેવાય ?' **૧૦.** નિત્યાનંદ સ્વામીની રમૂજી વાતોથી જૂનાગઢના નવાબ રાજી થયા. **૧૧.** ગઢડામાં સત્સંગિજીવન ગ્રંથ લખાતો હતો. **૧૨.** વરતાલમાં સત્સંગિજીવન ગ્રંથ લખાતો હતો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- ઈ. સ. ૧૮૭૨ના મહા વદ નોમની રાત્રે નિત્યાનંદ સ્વામીએ અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, પરમચૈત્યાનંદ સ્વામી, કૃપાનંદજીની હાજરીમાં કારણ દેહનો ત્યાગ કર્યો.

જવાબ :- **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- **સંવત ૧૯૦૮**ના **માગશર સુદ ૮ના દિવસે** નિત્યાનંદ સ્વામીએ **વરતાલમાં** આચાર્યશ્રી **રઘુવીરજી** મહારાજ, **ગોપાળાનંદ** સ્વામી, **શુકમુનિ, શૂન્યાતીતાનંદજી** વગેરે સંતોની હાજરીમાં **ભૌતિક** દેહનો ત્યાગ કર્યો.

૧. **ભક્તરાજ દાદાખાચર :** ગઢપુરમાં ઘેલા નદીને કાંઠે ટેકરા ઉપર મંદિર કરવાનો સંકલ્પ દાદાખાચરે કર્યો. (૩૮)

૨. **પ્રેમસખી પ્રેમાનંદ :** ગ્વાલિયરના નવાબે જૂનાગઢના ગવૈયાઓને કહ્યું, 'સ્વામિનારાયણના ફકીર પ્રેમાનંદને સાંભળ્યા પછી હું બીજા કોઈને હવે સાંભળતો નથી.' (૧૪)

૩. **શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ :** વડતાલના આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના પિતા ઇચ્છારામભાઈ હતા. (૨૭)

૪. **સ્વામી જાગા ભક્ત :** પ્રાગજી ભક્ત તો વચન-સિધ્ધ યોગી છે. અને એ કહે તો યોગીપુરુષ જેવા દીકરા થાય એ સાચું પણ આ હરિભક્તો પાર્ષદો આગળ તમારું કાંઈ ચાલે નહિ. (૫૫)

## વિભાગ-૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. પૂજાવિધિ : બી.એ.પી.એસ. સંસ્થાની ચેતના જ્યોત. (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ ૨૦૦૭, પા. નં. ૧૪-૧૫)

૨. તપયજ્ઞનું વિશિષ્ટ પર્વ : ચાતુર્માસ. (સ્વામિનારાયણ પ્રકાશ - ઑગસ્ટ ૨૦૦૮, પા. નં. ૧૪ થી ૧૮)

૩. આગવી અને ત્વરીત નિર્ણય શક્તિ : શાસ્ત્રીજી મહારાજ. (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી ૨૦૦૯, પા. નં. ૧૮)

✻ ✻ ✻

નોંધ :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ જુલાઈ, ૨૦૧૦ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**